જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૨/૨૦૧૯ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૬૦/૧૯**

## પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

### વટવા પોલીસ સ્ટેશન :

### પ્રોહીબીશન સંબંધી ૨(બે) આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબ નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૬ સાહેબ તથા ઈન્ચાર્જ મ.પો.કમિ.શ્રી જે-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્ટાફના માણસોએ દાખલ થયેલ વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૫૪૫/૧૯ પ્રોહી કલમ ૬૫(એ)(ઈ) ૮૧,૧૧૬(બી) ૯૮(૨) મુજબનો ગુનાના કામના આરોપીઓ નામે અ.નં. (૧) શ્રી શિવકુમાર ઉર્ફે શંકર વિનોદભાઈ બઘેલ ઉવ.૧૯ રહે- એ/૧૭ દુર્ગાનગર સોસાયટી ગોપીનાથ એસ્ટેટની સામે વટવા અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ મે. પો. કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક:-પીસીબી / ડીટીએન/પાસા/૧૪૪૨/૧૯ તા.૧૭/૧૨/૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૯/૧૨/૧૯ ના કલાક ૨૨/૦૦ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપીને યોગ્ય જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તથા

અ.નં.(૨) શ્રી મોહમદઈમરાન મોહમદઅખ્તર સૈયદ ઉવ.૧૯ રહે- રેઈન બશેરા અંબિકા બ્રીજ નીચે વટવા અમદાવાદ શહેરનાઓની વિરુધ્ધ મે. પો. કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક:-પીસીબી/ડીટીએન/પાસા/૧૪૪૩/૧૯ તા.૧૭/૧૨/૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૯/૧૨/૧૯ ના કલાક ૨૧/૩૦ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપીને યોગ્ય જાપ્તા સાથે મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.





## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે. પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા નાઓએ <u>તા.૧૯.૧૨.૧૯</u> ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના નવરંગપુરા તથા વાસણા પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોના બંધ મકાનના હોલની બારીના સળીયાવાળી નાખી મકાનમા પ્રવેશ કરી સોનાચાંદીના દાગીના રોકડ નાણા,ડીવીડી પ્લેયર,સીસીટીવી કેમેરાનુ ડીવીઆર ની ચોરી ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે જીતુભાઈ કિશનભાઈ દંતાણી રહેવાસી- મ.ન.૨૯ બ્લોક ન. ૨ ગરીબ આવાસ યોજના ભાઠા ગામ વાસણા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | જીતુભાઈ કિશનભાઈ દંતાણી રહેવાસી- મ.ન.૨૯ બ્લોક ન. ૨ ગરીબ આવાસ યોજના ભાઠા ગામ વાસણા અમદાવાદ |

- પાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોને આઈડીએફ્સી લાઈફ ઈન્સ્યોરન્સ પોલીસીના ભરેલ નાણા રીફંડ આપવાનુ જણાવી વિશ્વાસ કેળવી અલગ અલગ મોબાઈલ નંબરોથી અલગ વ્યકિતના નામથી ફોન કરી વિશ્વાસ ભરોસો આપી એકબીજના મેળાપીપણમા રહી લોકોના પ્રિમીયમના નાણા પરત આપવાના બહાને અલગ અલગ ચાર્જ પેટે કુલ્લે ૭૭,૬૬,૬૭૪/ રુપિયા ભરાવી પોલીસીના નાણા પરત નહી આપી તેમજ બનાવટી લેટરો બનાવી કિમતી

જામીનગીરી તરીકે ઉપયોગ કરી વિશ્વાસઘાત અને છેતરાપિંડી કરનાર ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે પરવેશ ભોપાલભાઈ રોસા રહેવાસી- ગામ- બિસનોલી પોસ્ટ દુજાના તા.દાદરી જિ.ગૌતમ બુધ્ધનગર યુ.પી. વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | પરવેશ ભોપાલભાઈ રોસા રહેવાસી- ગામ- બિસનોલી પોસ્ટ દુજાના તા.દાદરી જિ.ગૌતમ બુધ્ધનગર યુ.પી. |

- ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાની જમીન ઉપર ફ્લેટની સ્કીમ બનાવતા હોવાનુ લોકોને જણાવી વિશ્વાસ અને ભરોસો આપી બુકિંગ પેટેના નાણા લઈ મિલક્તની અવેજમા દસ્તાવેજ કરીને મિલ્કતનો કબ્જો નહી આપી ગુનાહિત માનસ ધરાવતા ઈસમ રવિન્દ્રનાથ ઉર્ફે રવિભાઈ દિનાનાથ તોમર રહેવાસી- મ.ન.૨૬ કળશ બંગ્લોઝ અવની ભવન પાસે ચાંદખેડા મુળવતન ગામ નરારપુર તા.જિ.સિવાન બિહાર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રવિન્દ્રનાથ ઉર્ફે રવિભાઈ દિનાનાથ તોમર રહેવાસી- મ.ન.૨૬ કળશ બંગ્લોઝ અવની ભવન પાસે ચાંદખેડા મુળવતન ગામ નરારપુર તા.જિ.સિવાન બિહાર |

- આ ઉપરાંત અન્ય મિલ્ક્ત સબંધી/ પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૭ ઇસમો મળી <u>કુલ્લે ૧૦ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u> તેઓને સુરત, વડોદરા, ભુજ રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# લુંટ ના ગુનાના આરોપીની અટકાયત ની વિગત

**ક્રાઇમ બ્રાંચ :**

## રીક્ષામાં બેસેલ પેસેન્જરોને હથીયાર બતાવી લુંટી લેનાર અને મારામારી/લુંટના ત્રણ ગુનાઓમાં વોન્ટેડ આરોપીને છરા સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.

અમદાવાદ શહેર વિસ્તારમાં રીક્ષામાં બેસેલ પેસેન્જરોને છરી ચપ્પા જેવા ઘાતક હથીયારો બતાવી લુંટી લેવાના ગુનાઓનો ઉપદ્રવ વધવા પામેલ હોય આવા ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયા અને ક્રાઇમબ્રાંચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજય કુમાર તોમર નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે ક્રાઇમ બ્રાંચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન અને ક્રાઇમબ્રાન્ચ ના મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન સ્કોડના હે.કો.યુવરાજ સાહેબરાવ તથા પો.કો. કૃષ્ણકાંત તેરસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી મહેશ @ કટો S/O રાજુભાઇ પોપટભાઇ પટણી (માનવાલા) ઉવ.૧૯ રહે.તલાવડીના છાપરા સ્નેહ પ્લાઝા બસ સ્ટેન્ડની બાજુમાં I.O.C.રોડ ચાંદખેડા અમદાવાદ શહેર નાને શહેરકોટડા નિર્મળપુરા ચાર રસ્તા પાસેથી તા.૧૯/૧૨/૨૦૧૯ ના રોજ એક મોબાઇલ ફોન અને ધારદાર છરા સાથે પકડી લેવામાં આવેલ છે.

### પકડાયેલ આરોપીનો ગુનાહીત પુર્વ ઇતીહાસ

પકડાયેલ આરોપી મેઘાણીનગર અને શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં લુંટ,મારામારાની ગુનાઓમાં પકડાયેલ છે.

### ૨ ગુનાનો ભેદ ઉકેલાયો.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા તેણે નીચે મુજબના ગુનાઓ આચરેલ છે.

(૧) ત્રણેક મહીના અગાઉ કાલુપુર રેલ્વે સ્ટેશનથી એક ભાઇ રીક્ષામાં બેસેલ અને આ ભાઇને વિજયમીલના નેળીયા પાસે અંધારામાં રીક્ષા ઉભી રાખેલ અને તે ભાઇને ચપ્પુ બતાવી તે ભાઇ પાસેનો વીવો કંપનીનો મોબાઇલ ફોન અને તેના હાથમાં પહેરેલ સોનાની બે વિંટી તથા રૂ.૩૫૦૦/- સાથેનુ પર્સ કાઢી લીધેલ.જે અંગે શહેરકોટડા પો.સ્ટે.ખાતે નોંધાયેલ ફસ્ટ ગુ.ર.નં.૩૧૮/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૯૪.૧૧૪ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૨) આજથી આશરે દસેક મહીના પહેલા રીક્ષા લઇ નરોડા રોડ મ્યુ.ગુજરાતી શાળા નંબર ૯,૧૦ આગળથી જતા હતા તે વખતે એક સાયકલ સવાર ત્યાંથી જતો હતો તે વખતે સાયકલ સવારની બોચી પકડી તેના શર્ટના ખીસ્સામાંથી રેડમી ૫ પ્રો મોબાઇલ ફોન ઝુંટવીને ભાગી ગયેલ હતા. જે અંગે શહેરકોટડા પો.સ્ટે.ખાતે નોંધાયેલ ફસ્ટ ગુ.ર.નં.૭૫/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૯૪.૧૧૨ મુજબનો ગુનો શોધાયેલ છે.

તેમજ આરોપી પાસેથી મળી આવેલ છરા બાબતે શહેરકોટડા પો.સ્ટે સે.ગુ.ર.નં.૩૨૮૨/૧૯ જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ છે અને આરોપી શાહીબાગ પો.સ્ટે ફગુરનં.૧૧૪/૧૯ ઇપીકો કલમ ૩૨૩.૩૨૪ મુજબ અને બાપુનગર પો.સ્ટે સેગુરનં.૩૧૮૫/૧૯ ઇપીકો કલમ ૩૨૩.૩૨૪ મુજબ અને કાલુપુર પો.સ્ટે ફગુરનં.૧૧૮/૧૯ ઇપીકો કલમ ૩૯૪.૧૧૪ મુજબ ના ગુનામાં વોન્ટેડ હોવાનુ જણાઇ આવેલ છે.

**શોધાયેલ ગુન્હા**

(૧) શહેરકોટડા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૩૧૮/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૯૪.૧૧૪

(૨) શહેરકોટડા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૭૫/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૯૪.૧૧૨

(૩) શહેરકોટડા પો.સ્ટે સે.ગુ.ર.નં.૩૨૮૨/૧૯ જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ

(૪) શાહીબાગ પો.સ્ટે ફગુરનં.૧૧૪/૧૯ ઇપીકો કલમ ૩૨૩.૩૨૪ મુજબ

(૫) બાપુનગર પો.સ્ટે સેગુરનં.૩૧૮૫/૧૯ ઇપીકો કલમ ૩૨૩.૩૨૪ મુજબ

(૬) કાલુપુર પો.સ્ટે ફગુરનં.૧૧૮/૧૯ ઇપીકો કલમ ૩૯૪.૧૧૪ મુજબ

## સાબરમતી પોલીસ સ્ટેશન :

## રૂ.૧૦.૯૫ લાખની લૂંટનો ભેદ ઉકેલી ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી પાડતી સાબરમતી પોલીસ

તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશનના કાળીગામ ગરનાળા પાસે ફોરેન કરન્સી એક્ષ્ચેંજ કંપનીના કર્મચારી પાસેથી પોલીસની ખોટી ઓળખ આપી રૂ.૧૦.૯૫ લાખની લૂંટનો બનાવ બનવા પામેલ જે બાબતની ફરિયાદ સાબરમતી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૯૪/૧૯ ઇ.પી.કો. ક. ૩૯૨, ૩૯૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૭૦, ૧૧૪ તથા જી.પી.એક્ટ ક.૧૩૫(૧) મુજબ નોંધાયેલ જે ગુનાની ગંભીરતા ધ્યાને લઇ માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ તાત્કાલીક આરોપીઓની ધરપકડ કરી લૂંટમાં ગયેલ મુદ્દામાલ શોધી કાઢવા આપેલ સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેકટર શ્રી સાબરમતી પોલીસ સ્ટેશન નાઓની દોરવણી હેઠળ સર્વેલન્સ સ્ટાફના ASI રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨, PC મોઘજીભાઈ વિરમભાઈ બ.નં.૮૩૦૨ દ્વારા આ ગુનામાં ફરિયાદી તથા તેની સાથેના કર્મચારી ધ્રુવીલ ઉર્ફે હેરી ભરતભાઇ શાહ નાઓની કુનેહપૂર્વક પુછપરછ કરાતા આ લૂંટનું ષડયંત્ર ધ્રુવીલ શાહ તથા તેના મીત્ર યોગેશ પટેલ નાઓએ અન્ય બે ઇસમો સાથે મળી ઘડેલ હોવાનું જણાઇ આવતા તાત્કાલીક સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. તથા સ્ટાફની ટીમો બનાવી આ ગુનામાં સંડોવાયેલ અન્ય ત્રણ આરોપીઓની શોધખોળ હાથ ધરેલ અને ગણતરીના કલાકોમાં લૂંટ સંડોવાયેલ અન્ય ત્રણ આરોપીઓની અટકાયત કરી લૂંટમાં ગયેલ મુદ્દામાલ રોકડા રૂ.૧૦,૭૦,૦૦૦/- તથા ગુનામાં વપરાયેલ મો.સા. રીકવર કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

ધરપકડ કરવામાં આવેલ આરોપીઓ :

(૧) ધ્રુવીલ ઉર્ફે હેરી ભરતભાઇ શાહ ઉ.વ.૨૨ રહે. રામનગર સાબરમતી
(૨) યશ શૈલેષભાઇ પટેલ ઉ.વ.૨૦ રહે. રામનગર સાબરમતી
(૩) નરેશ ઉર્ફે નયન મેલાભાઇ દેસાઈ ઉ.વ.૨૧ રહે. અચેર ડેપો પાસે, સાબરમતી
તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર એક કિશોરને નજર કેદ હેઠળ રાખવામાં આવેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

(૧) પો.સ.ઇ. બી.પી.ભેટારીયા (૨) ASI રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ (૩) PC મોઘજીભાઈ વિરમભાઈ બ.નં.૮૩૦૨ (૪) LR અજયકુમાર નરસિંહભાઇ બ.નં.૧૪૦૨ (૫) (૬) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬ (૭) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૮) HC કિરીટકુમાર નાગરભાઇ બ.નં.૪૨૨૬ (૯) PC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯ (૧૦) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭

# ચોરીના ગુનાના આરોપીની અટકાયત ની વિગત

**સેટેલાઇટ પોલીસ સ્ટેશન :**

## રીક્ષામા એકલ-દોકલ પેસેન્જરને બેસાડી નજર ચુકવી કિંમતી સર-સામાન રોકડ રૂપિયા તેમજ સોનાના દાગીના ચોરી કરતા ઈસમોને પકડી પાડતી સેટેલાઈટ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ નાઓની સુચના મુજબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “એન” ડીવીઝન તેમજ સેટેલાઈટ પોલીસ ઈન્સપેકટરશ્રી પી.ડી. દરજી નાઓના માર્ગદર્શન હેઠળ સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સંબધી ગુન્હા શોધી કાઢવા તેમજ અટકાવવા સારુ જરૂરી સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ. કે.ડી.રવીયા નાઓ સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.સ.ઈ. કે.ડી.રવીયા તથા અ.પો.કો. સિધ્ધરાજસિંહ બળદેવસિંહ બ.નં.૪૯૦૧ નાઓને સંયુકત રીતે બાતમી હકીકત આધારે સેટેલાઈટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૨૪/૨૦૧૯ ઈપીકો કલમ-૩૭૯, ૧૧૪ મુજબના ગુનાના આરોપીઓને ગુનામા વપરાયેલ તેમજ ચોરીએ ગયેલ મુદામાલ સાથે પકડી ગુનાનો ભેદ ઉકેલી કાયદેસર કાર્યવાહીકરવામા આવેલ છે.

આરોપી:- (૧) મોહમ્મદઆસીફ ઉર્ફે જાડીયો આરીફભાઇ અંસારી ઉ.વ.૩૦ ધંધો- ડ્રાઇવીંગ રહેવાસી- કસબા જુની કોર્ટ ની પાસે અગારવાડા જુની કોર્ટ કડી તા-કડી, જી.મહેસાણા,મુળ રહેવાસી- ગાંવ- જેતપુર પદડી, તા-નગીના,જીલ્લા- બીજનોર ઉત્તર પ્રદેશ

પુર્વ ઈતિહાસ:- સદરી આરોપી અગાઉ સેટેલાઈટ પો.સ્ટે. માધુપુરા પો.સ્ટે. મહેસાણા બી.ડીવીઝન પો.સ્ટે. ખેરાલુ પો.સ્ટે. સિધ્ધ્પુર પો.સ્ટે. તેમજ અમદાવાદગ્રામ્ય વિસ્તારમા તથા અમદાવાદ શહેર વિસ્તારમા તેઓના સાગરીતો સાથે મળી રીક્ષામા એકલ-દોકલ પેસેંજરોને બેસાડી તેઓના બેગમાંથી રોકડ રૂપિયા તથા સોનાના દાગીના તેમજ કિંમતી સામાનની નજર ચુકવી ચોરી કરી ગુનાઓ કરેલ હોય.

(૨) મોહમ્મદનવાઝ ઉર્ફે સલમાન કાદરી મોહમ્મદયુસુફ શેખ ઉ.વ.૨૮ ધંધો- ડ્રાઇવીંગ રહેવાસી- ૧૯૯ ગજાલા રો હાઉસ ઇમાદ ટાવર પાસે ૧૦૦ ફુટ રિંગ રોડ સરખેજ અમદાવાદ શહેર મુળ રહેવાસી- કુરેશીહો અજીમ ટાવર મસ્તાન હાઉસ હૈદરાબાદ શહેર

પુર્વ ઈતિહાસ:- સદરી ઈસમ પોતના સાગરીતો સાથે મળી સિધ્ધપુર પો.સ્ટે. સને-૨૦૧૮ મા એકલ- દોકલ પેસેંજરોને રીક્ષામા બેસાડી તેઓના બેગમાંથી રોકડ રૂપિયા તથા સોનાના દાગીના તેમજ કિંમતી સામાનની નજર ચુકવી ચોરી કરી ગુનાઓ કરેલ હોય.

મુદામાલ:- એક સોનાની ચેઈન તથા ગુનામા વપરાયેલ નંબર પ્લેટ વિનાની સી.એન.જી રીક્ષા તથા રોકડા રૂપિયા ૧૫૦૦/- મળી કુલ્લે રૂ.૧,૭૧,૫૦૦/-

કામગીરી કરનાર ટીમ:- પોલીસ. સબ. ઈન્સ.કે.ડી.રવીયા તથા પો.કો. સિધ્ધરાજસિંહ બળદેવસિંહ તથા પો.કો નાગરાજભાઈ લાખાભાઈ તથા પો.કો. મેહુલકુમાર હસમુખભાઇ બ.નં.૮૮૨૩ તથા અ.લોકરક્ષક રમેશભાઇ ભુપતભાઇ બ.નં. ૪૮૭ તથા લોકરક્ષક મહેંદ્રસિંહ ભરતસિંહ બ.નં.૧૧૩૬ તથા લોકરક્ષક જયદિપસિંહ દિલાવરસિંહ બ.નં.૧૩૨૬૫ તથા મથુરભાઇ બાબુભાઇ બ.નં.૪૯૬

